Extra No. 439

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, DECEMBER 15, 2025 / AGRAHAYANA 24, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

આમુખ:

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, (પંચાયત) માર્ગ અને મકાન વિભાગ, સા.કાં.ના તા.૨૦/૧૧/૨૦૨૫ના પત્ર નં.પીબી/૯૩૪/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૦૬/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક:ટ્રાફિક/દાવડ-સમેશ્વર રોડ/ભારેવાહન/પ્રતિબંધ/૨૨૫૨/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે

નં.પી.ઓ.એલ.-૨/૨સ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૧૭૯૩/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રની વિગતે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા ધ્વારા તા: ૧૪/૦૭/૨૦૨૫ના જાહેરનામાંથી મહેસાણા વિજાપુર હિંમતનગર એસએચ ૫૫ પર દેરોલ ગામ નજીક સાબરમતી નદી પરનો બ્રિજ જુનો હોઈ ભારે વાહનો માટે બંધ કરવામાં આવેલ છે. જેથી અમુક વાહનો દાવડ-આરસોડિયા-સમેશ્વર ગ્રામ્ય માર્ગ પરથી પસાર થતાં હતાં. સદર માર્ગ ગ્રામ્ય માર્ગ હોઈ ભારે વાહનો તથા ટ્રાફિક માટે અનુકૂળ ન હોઈ તેમજ સદર માર્ગ પીએમએમજીએસવાય યોજનામાથી બનાવેલ હોઈ હાલમાં ડીએલપી ચાલું હોઈ અને રસ્તાની ડિઝાઈન ભારે વાહનો માટે ન હોઈ તૂટવાની સંભાવના રહેલી હતી. જેથી સદર બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરી ભારે વાહનો માટે વૈકલ્પિક રુટ તરીકે હિંમતનગર-ઈલોલ-દાવડ-દેશોતર થી વલાસણા થઈ રણશીપુર-વિજાપુર પર વૈકલ્પિક રૂટ ફાળવેલ. જે અન્વયે સદર રસ્તાનો ડીએલપી પિરિયડ હજુ ચાલું છે. તેમજ જાહેરનામનો સમયગાળો તા.૧૪/૧૧/૨૦૨૫ સુધીનો હતો તેમજ વિજાપુર હિંમતનગર એસ.એચ-૫૫ પરના સાબરમતી બ્રિજ પરથી હજુ પણ ભારે વાહનો માટે બંધ હોઈ અત્રે તા.૧૫/૦૯/૨૦૨૫થી પ્રસિધ્ધ કરેલ જાહેરનામું ત્રણ મહિના સુધી વધારી આપવા બાબતે માંગણી કરેલ છે.

આમુખ-(૨)થી પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના અભિપ્રાય મુજબ ટ્રાફિક અને કાયદો વ્યવસ્થાને ધ્યાને લઈ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે તો વાંધા સરખું નથી.

વાસ્તે, દાવડ-આરસોડીયા-સમેશ્વર પર મોટા/ભારે વાહનોની અવર-જવર બંધ કરવા સંબંધે અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે. જેથી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને વૈકલ્પિક રસ્તાનો રૂટ ::-

ક્રમ	પ્રતિબંધિત રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પિક રૂટ
૧	દાવડ-આરસોડીયા-સમેશ્વર	મોટા/ભારે વાહનો માટે	હિંમતનગર-ઈલોલ-દાવડ-દેશોતર થી વલાસણા થઇ રણશીપુર-વિજાપુર

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

આ હુકમ તા.૦૬/૧૨/૨૦૨૫ના રાત્રે ૦૦:૦૦ કલાકથી તા.૦૫/૦૩/૨૦૨૬ના ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.'

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં મોટા/ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે .

-::જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.12 16:07:29 IST